# શ્રીમતી મંજુલાબેન મનસુખભાઈ મેદાણી વ્યવસાયલક્ષી અભ્યાસ યોજના

## લોન / સહાય માટેના નિયમો

(નિયમમાં જ્યાં જ્યાં લોન/સહાય લખેલ છે તે શૈક્ષણિક લોન/સહાય છે તેમ સમજવું)
(આ નિયમમાં વિદ્યાર્થી એટલે કે વિદ્યાર્થી અગર વિદ્યાર્થીની સમજવું)

૧.૧ પાત્રતા :

૧.૧ લોન સહાય લેનાર વિદ્યાર્થીનું કુટુંબ બૃહદ અમદાવાદ તથા ગાંધીનગર શહેરમાં બે વર્ષથી રહેતું હોવું જોઈએ. અને બૃહદ અમદાવાદ તથા ગાંધીનગરના સર્વ શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટના મેમ્બર હોવું જોઈએ.

૧.૨ એક જ રસોડે જમતા ચાર વ્યક્તિવાળા કુટુંબના દરેક કમાતા સભ્યોની કુલ વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦,૦૦૦/- અગર તેથી ઓછી હોવી જોઈએ.

૧.૩ લોન / સહાય લેનાર વિદ્યાર્થી સમગ્ર ભારતની કોઈપણ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ અગર સરકાર માન્ય સંસ્થા અગર પ્રતિષ્ઠિત સંસ્થામાં અભ્યાસ કરતો હોવો જોઈએ. પ્રતિષ્ઠિત સંસ્થાની માન્યતા અંગે ટ્રસ્ટનો નિર્ણય આખરી ગણાશે.

૨.૦ યોજનાની પદ્ધતિ :

૨.૧ લોન / સહાય માટે વિદ્યાર્થીએ શરૂઆતમાં ફક્ત એક જ વખત અરજી કરવાની હોય છે. વિદ્યાર્થીની અરજી એકવાર મંજુર થયા પછી તેને તેના પૂરા અભ્યાસક્રમ દરમ્યાન દરેક સેમેસ્ટર / ટર્મની પરીક્ષા પાસ થયાની અસલ માર્કશીટ (એક ઝેરોક્ષ કોપી સાથે) અગર નેટ પર જાહેર થયેલ રીઝલ્ટનું પ્રીન્ટ આઉટ તેમજ આગામી સેમેસ્ટર / ટર્મની ફી ભર્યાની અસલ પહોંચ (એક ઝેરોક્ષ કોપી સાથે) રજૂ કરવાથી ટ્રસ્ટના નિયમ અનુસાર મુકરર કરેલ રકમ આપવામાં આવે છે. માર્કશીટ તથા ફી ભર્યાની અસલ પહોંચ પરત કરવામાં આવશે. (દર વર્ષે નવી અરજી કરવાની જરૂર નથી).

૨.૨ વિદ્યાર્થીને તેના અભ્યાસ માટે આપવામાં આવતી રકમ આપતી વખતે તેના પૂર્ણ અભ્યાસક્રમની થતી અંદાજીત ફી ગણીને તેના વિદ્યાર્થી અને સંસ્થાને અનુકુળ એવા સરળ માસિક હપ્તેથી એડવાન્સ ચેકો દ્વારા લેવામાં આવશે. આ એડવાન્સ માસિક હપ્તાના ચેકો વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થતા સમયથી તેના સેટલમેન્ટ માટેના માસ ઉમેરીને થતાં મહિનાથી ૧ થી ૧૦ તારીખ સુધીની અનુકુળ તારીખના આપવાના રહેશે. એડવાન્સ ચેકો દરેક સેમેસ્ટર / વાર્ષિક ફી લેતી વખતે વિદ્યાર્થીને આપવામાં આવતી રકમની આસપાસના આપવાના રહેશે.

૨.૩ આ લોન / સહાય મેળવવા માટે કુટુંબ બૃહદ્ અમદાવાદના કે ગાંધીનગરના કોઈપણ એક સંઘનું સભ્ય હોવાના પ્રમાણપત્ર રૂપે આ અરજીપત્ર સાથે સામેલ ફોર્મમાં સહી કરાવી લાવવાની છે.

૨.૪ લોન / સહાય લેનારે બૃહદ્ અમદાવાદ અને ગાંધીનગરમાં વસતા અને બૃહદ્ અમદાવાદ અને ગાંધીનગરમાં ટ્રસ્ટને માન્ય કોઈપણ સંઘના સભ્ય હોય તેવા કોઈ એક પ્રતિષ્ઠિત વ્યક્તિની ગેરંટી આપવાની રહે છે. જે આ અરજીપત્ર સાથે સામેલ છે. આ ગેરંટી પત્ર મુજબ ગેરંટર ટ્રસ્ટને ખાત્રી આપે છે કે જો વિદ્યાર્થી / તેનું કુટુંબ વિદ્યાર્થીને અભ્યાસક્રમ દરમ્યાન ટ્રસ્ટ પાસેથી મેળવેલ રકમ કોઈપણ કારણસર પરત કરવામાં નિષ્ફળ જશે તો તે રકમ ગેરંટરે ભરપાઈ કરાવી આપવાની રહેશે.

૨.૫ લોન / સહાય લેનાર વિદ્યાર્થીએ તેના અભ્યાસક્રમ દરમ્યાન લેવાતી બધી જ પરીક્ષાઓ પાસ કરવી ખાસ જરૂરી છે. ફેઈલ થનાર વિદ્યાર્થીની લોન / સહાય તાત્કાલિક બંધ કરવામાં આવશે અને તેણે લીધેલ રકમ તુરત જ પરત કરવાની રહેશે. આ અંગેની જવાબદારી વિદ્યાર્થીઓના પિતા / વાલી તથા ગેરંટરની રહેશે.

૩.૦ વિદ્યાર્થીએ પસંદ કરેલ અભ્યાસક્રમ અરજીપત્ર ઉપર આવેલ બ્લોકમાં વ્યવસ્થિત રીતે લખવો અને વાર્ષિક ફીની રકમમાં ફી ની રકમ સિવાય અન્ય કોઈ રકમ ઉમેરવી નહીં.

૪.૦ લોન / સહાયની રકમ :

૪.૧ લોન / સહાય માટે આવેલ અરજીઓનું કેળવણી કમિટિ પૃથ્થકરણ કરીને વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ માટે બોલાવશે અને તે સમયે હાજર રહેલા ટ્રસ્ટીઓએ પાસ કરેલા અરજદારોને ટ્રસ્ટના ૪.૨ માં જણાવ્યા મુજબના નિયમ અનુસાર લોન / સહાય આપવામાં આવશે.

૪.૨ વર્ષ ૨૦૨૦-૨૧ થી અમલમાં આવેલ ટ્રસ્ટના નિયમ અનુસાર નીચે જણાવ્યાં મુજબ વાર્ષિક ફી ની કુલ રકમ લોન / સહાયરૂપે આપવામાં આવશે.

| ક્રમાંક | વિદ્યાર્થીની કોલેજની વાર્ષિક ટ્યુશન ફી ની રકમ | લોન / સહાયની વાર્ષિક રકમ | વધુમાં વધુ લોન / સહાય |
|---|---|---|---|
| ક | રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી | ફી ની પૂરેપૂરી રકમ | વધુમાં વધુ રૂા. ૪,૦૦,૦૦૦/- |
| ખ | રૂા. ૨,૦૦,૦૦૦/- થી<br>રૂા. ૬,૦૦,૦૦૦/- સુધી | રૂા. ૨,૦૦,૦૦૦/- +<br>રૂા. ૨,૦૦,૦૦૦/- થી<br>ઉપરની રકમના ૫૦ ટકા | રૂા. ૬,૦૦,૦૦૦/- ની ફી વાળાને<br>રૂા. ૪,૦૦,૦૦૦/- |
| ગ | રૂા. ૬,૦૦,૦૦૦/- થી વધુ | -------- | રૂા. ૪,૦૦,૦૦૦/- |

૪.૩ ટ્રસ્ટે લીધેલ નિર્ણયો આખરી ગણાશે અને તે અંગે કોઈપણ જાતનો વિવાદ ધ્યાનમાં લેવાશે નહીં. જે લોન / સહાય લેનારને બંધનકર્તા રહેશે.

૫.૦ અરજીપત્ર સાથે બીડવાની ઝેરોક્ષ કોપી

એ. છેલ્લી પરીક્ષા પાસ કર્યાનું સર્ટિફિકેટ તથા માર્કશીટ

બી. એડમીશન લેટર

સી. ફી ભર્યાની પહોંચ

ડી. કુટુંબની વાર્ષિક આવકનો દાખલો

ઈ. સરનામાના પુરાવા તરીકે વિદ્યાર્થી તથા તેના વાલીનું ડ્રાઈવીંગ લાયસન્સ / ઈલેક્શન કાર્ડ / આધારકાર્ડ / પાસપોર્ટ / ભાડાચીઠ્ઠી / મ્યુનિસિપલ ટેક્ષ બીલ - ગમે તે એકની ઝેરોક્ષ કોપી બીડવી.

એફ. ગેરંટરની વાર્ષિક આવકના પુરાવા તરીકે છેલ્લા વર્ષની રીટર્નની કોપી તથા સરનામાના પુરાવા તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ આપવી. (સેલ્ફ એટેસ્ટેડ)

૬.૦ અરજીપત્રકમાં માંગેલ બધી જ વિગતો તથા તે સાથે માંગેલ પ્રમાણપત્રો વગરની અરજીઓ રદ્‌બાતલ થવાને પાત્ર છે, તેમજ ભવિષ્યમાં જો વિગતો ખામીવાળી જણાશે તો તે જ વખતથી લોન / સહાય બંધ કરવામાં આવશે અને વિદ્યાર્થીએ લીધેલ પૂરેપૂરી રકમ તાત્કાલિક પરત કરવાની રહેશે.

૭.૦ અરજી કર્યા બાદ લોન / સહાય લેનાર તેનું સરનામું, ટેલીફોન નંબર, અગર ઈ-મેઈલ એડ્રેસ બદલે તો તેમને સરનામા ફેરફારની તેમજ ટેલીફોન નંબરની વિગતના ફેરફારની લેખીત જાણ ટ્રસ્ટને તાત્કાલીક કરવાની રહેશે. આવી જાણ નહીં કરનારની આગામી લોન / સહાય અટકાવવામાં આવશે.

૮.૦ લોન / સહાય લેનાર વિદ્યાર્થી જીવનમાં પ્રગતિ કર્યા બાદ ઓછામાં ઓછા એક વિદ્યાર્થીને મદદ થઈ શકે તેટલી અગર તેથી વધુ રકમ શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટને દાન તરીકે આપી આ જ્ઞાનયજ્ઞના સહભાગી થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

૯.૦ અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ જે તે વર્ષના માર્ચ માસની ૧૦ તારીખ સુધી જ રહેશે. ત્યારબાદ અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

સાક્ષી તરીકે વિદ્યાર્થીના પિતા/વાલીની સહી ....................................

તારીખ : ..........................  સ્થળ : ..................  વિદ્યાર્થીની સહી .................................

તા.ક.
અરજીપત્રકની વિગત અંગે કોઈપણ જાતનો ખુલાસો જોઈતો હોય તો નીચે જણાવેલ ગમે તે વ્યક્તિનો તેમના નામ સાથે જણાવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
વિદ્યાર્થીએ કરેલ અરજીની એક ઝેરોક્ષ નકલ તથા આપેલ પોસ્ટ ડેટેડ ચેકની વિગત પોતાની પાસે સાચવી રાખવી.

: માહિતી માટે સંપર્ક સૂત્રો :

**શ્રી પ્રફુલ આર. તલસાણીયા**
પ્રમુખશ્રી
૯૮૨૫૦ ૩૨૨૦૬

**શ્રી રાજેશ એચ શાહ**
માનદ્ મંત્રીશ્રી
૯૮૨૫૮ ૮૬૫૨૬